# પંદરમી ઓગસ્ટ : આવી અને ગઈ ! આપણે શું ?

ગત સોમવારે૧૫મી ઓગસ્ટના રોજ ભારતમાં ૭૦ મો સ્વાતંત્ર્યદિન ઉજવવામાં આવ્યો. ઓ દિવસે આપણે આપણા દેશના ભૂતકાળને યાદ કરીને ગૌરવ લઇએ છીએ તેમજ દેશને આઝાદી કેવી રીતે મળી તેને થોડીક્ષણો માટે યાદ કરીને આઝાદી અપાવનાર દેશભક્તો અને શહીદોને દીલથી યાદ કરીએ છીએ. આમથતાં આપણામાં દેશ માટેના ગૌરવમાં વધારો થાય છે અને શહીદ થયેલ કે આઝાદી અપાવનારનો આભાર માનીએ છીએ

લગભગ બધી જ પ્રાથમિકશાળામાં, મોટાભાગની માધ્યમિકશાળામામ અને કેટલીક કોલેજોમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવી.. ત્યારે શરમ લાગે, દુ:ખ થાય તેવી બાબત એ છે કે, આવા રાષ્ટ્રીય તહેવારના દિવસો કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉજવવા કેમ ગમતા નથી. કોલેજમાં વર્ષ દરમિયાન ખાસ રીતે સમય ફાળવી, ખાસ પ્રકારના આયોજન અને ખર્ચ કરીને કોલેજિયનો વિવિધ “ડે” જેવા કે, ફ્રેન્સડશીપ ડે, ચોકલેટ ડે, બલૂન ડે, સ્કૂલ ડે વગેરે ઉજવે છે. પણ તેમને રાષ્ટ્રીય તહેવાર ઉજવવાનું કેમ સૂઝતું નથી ? કોલેજના આચાર્યએ પણ પોતાની કોલેજમાં ઉજવાતા વિવિધ ડે ને ત્યારે જ મંજૂરી આપવી જોઇએ કે, જ્યારે કોલેજના વિચર્થીઓ રાષ્ટ્રીય તહેવારના દિવસો ઉજવતા હોય તો. આજના યુવાનોને પોતાના દેશ માટે કશુંક કરવાનો તો સમય નથી, પણ તેના માટે આદર અને પ્રેમ દર્શાવવાનો સમય પણ નથી ?

આજે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી શાળા-કોલેજો અને સરકારી કચેરીઓ પૂરતી સિમિત થઇ ગઇ હોય તેવું લાગે છે. શું દેશ પ્રત્યે આદર અને માન દર્શાવવા તે બિનસરકારી વ્યક્તિઓની ફરજ નથી ? ભારતના તમામ નાગરિકોએ આ તહેવારમામ ભાગ લેવો ન જોઇએ ? આ માટે નજીકની શાળામાં જઇને ધ્વજવંદન કરી ન શકાય ? આજના યુવાનો કે વાલીઓને ધ્વજવંદન કરવામાં શરમ આવે છે કે આળસ આવે છે ? આ માટે જવાબદાર કોણ ? આમ જ ચાલશે તો હવે પછીની બીજી પેઢીને તો રાષ્ટ્રીય તહેવારો વિશે પુસ્તકમાંથી વાંચીને માહિતી લેવી પડશે. ધન્યવાદ તો આજના પ્રસાર માધ્યમોને આપવા જોઇએ. જેમાં પ્રિન્ટ મિડિયાએ કેટલીક હકીકતો છાપી તો ઇલેકટ્રોનિક મિડિયાએ દિવસભર વિવિધ માહિતી ટી.વી.ના પડદે રજૂ કરીને નાગરિકોમાં દેશદાઝ ઉજાગર કરવાના પ્રયત્નો કર્યા, ઉપરાંત નવી પેઢીને ભારતનો ભૂતકાળ બતાવે. છે, યુવાનેતાઓ કે વિદ્યાર્થી નેતાઓ કે જે ફી વધારા સામે, પ્રવેશ પ્રક્રિયા સામે કે અન્ય કોઇ બાબત બાબતે અન્યાય સામે કે લાભ લેવા આંદોલનો કરતાહોય છે, તેમણે આપણા રાષ્ટ્રીય તહેવારો ઉજવવા માટે પણ કેટલોક સમય ફાળવીને આ માટે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ વિકસે તે માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ. દરેક શાળા-કોલેજોમાં આ તહેવાર વિશિષ્ટ રીતે ઉજવાય તે માટે પોતાનું નેતૃત્ત્વ પુરું પાડવું જોઇએ. પરંતુ આજદિન સુધી આવું કશું જ થયું નથી, તે હવે શરૂ કરવાનો સમય પાકી ગયો છે.

પંદરમી ઓગસ્ટના અનુસંધાને આ સમાચારપત્રના ભૂતપૂર્વ કટારલેખક અને સાહિત્યકાર સાંઈરામ દવે નો એક ઓડિયો ખૂબ જ વાયરલ થયેલો. જેના કેટલાક અંશો પ્રસ્તુત કરું છું. જી, હા, મારું નામ પંદરમી ઓગસ્ટ છે. વિદ્યાર્થીઓ માટે હું દસ માર્કસનો પૂછાતો નિબંધ છું, સુરક્ષાકર્મીઓ માટે હું ફરજ છું. સરકારી કર્મચારીઓ માટે હું એક માત્ર જાહેર રજા છું અને સમગ્ર દેશવાસીઓ માટે ......? આજના દિવસે કોકડુંવાળીને કબાટમાં ગઈ સાલનો ગોઠવી દીધેલ હશે, ત્યાંથી રાષ્ટ્રધ્વજ ગોતવામાં આવે છે. જો એ ધ્વજ ગણેશજીના વાહનનો આહાર બની ગયો હોય તો તાબડતોબ નવો ખરીદવામાં આવે છે. કદાચ રાષ્ટ્રગીતના શબ્દો કોઈ ભૂલી ગયા હોય તો એની આબરૂ ના જાય માટે હવે ઘણી જગ્યાએ માત્ર મારી ટયુન જ વગાડવામાં આવે છે, એ બાવન સેકન્ડ દરમિયાન પણ ઘણા મહાનુભાવો મોબાઈલ પર ચોટેલા રહે છે. આ બધું મેં મારી સગી આંખે જોયું છે, કારણકે હું મૂંગી અને લાચાર પંદરમી ઓગસ્ટ છું. ત્યારબાદ રાબેતા મુજબ નક્કી કરેલા આઠ-દસ દેશભક્તિના ગીતો ભૂલકાઓ દ્વારા ગવાય છે. બાળકો જેટલી જ અલ્પ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા તેમને વધાવાય છે. ઓક્સિજન પર જીવતી મારી આ હાલત ને બાળકોના ઉત્સાહને ટકાવવા દાતાઓ દ્વારા ઇનામો જાહેર કરાય છે. વેટ માટે કે અન્ય ટેક્સ માટે આંદોલન કરવા તૈયાર રહેનારા વેપારીઓએ છેલ્લા ૬૯ વર્ષમાં અડધો કલાક દુકાન બંધ રાખીને મારા માટે રેલી કાઢી હોય કે ધ્વજવંદન કરવા આવ્યા હોય એવું ક્યારેય બન્યું નથી. છતાં હું સૌને માફ કરી દઉં છું, કારણ કે હું સમજદાર અને ઉદાર પંદરમી ઓગસ્ટ છું. પોતાની જ્ઞાતિ માટે કે પોતાના સ્વાર્થ માટે એક એસ.એમ.એસ.થી ભેગાં થઇ જતા આ દેશવાસીઓને મારા સન્માન માટે પંદર મિનીટ કાઢવાનો સમય નથી ? ભારતમાં દેશ ભક્તિ સાવ સિઝનેબલ થઇ ગઈ છે. છેલ્લા ૬૯ વર્ષમાં હું ગૌરવ લઇ શકું એવા ૬૯ નામ પણ વર્તમાનમાં મારી પાસે નથી રે નસીબ ...!! પંદરમી ઓગસ્ટ તરીકે મને અકળામણ થાય છે લાલ કિલ્લાની એ દીવાલો જોઇને ! એ લાલ રંગમાં મને ભગતસિંહ અને ચંદ્રશેખરની આંખોનો લાલ રંગ સાંભળે છે. પરેડના કદમ તાલમાં મને મંગલ પાંડેની ફાંસી યાદ આવે છે ને હું એક ધબકારો ચૂકી જઉં છું. શસ્ત્રોનું પ્રદર્શન નિહાળીને મને શાસ્ત્રો વગર રાષ્ટ્ર માટે લડેલા તાત્યા ટોપે, શ્યામજી વર્મા કે ગાંધીની યાદ આવે છે. મારી પાસે ભવ્ય ભૂતકાળ છે, પરંતુ હું ઘાયલ વર્તમાનથી ઘવાયેલી પંદરમી ઓગસ્ટ છું. આ દેશને અડધી રાતે આઝાદી મળી છે એટલે કદાચ હજી ઘણા દેશવાસીઓ ઊંઘમાં છે. ભ્રષ્ટાચાર, કોમવાદ અને સ્વાર્થની ઉધઈએ મારું મૂલ્ય હણી નાંખ્યું છે. અત્યારની પેઢીને સાવ મફતમાં મળેલી આઝાદીની ઝાઝી કિંત નથી. મેં ગાંધીથી લઇ અન્ના હજારે સુધીના ઉપવાસને અનુભવ્યા છે, આજે આ ભૂલકાઓના અભિનય ગીતો જોઈ રાજી થાઉં છું, કે આ બાળકો ભણશે ત્યાં સુધી તો તિરંગાને સલામી ભરશે. મારું ચાલે તો ધ્વજવંદન હું દરેક નાગરિક માટે ફરજીયાત બનાવી દઉં. ધ્વજવંદન માટે જેની પાસે સમય નથી તેને આ દેશમાં રહેવાનો કે કોઈ પણ હક્ક માંગવાનો અધિકાર નથી. પણ મારું માને કોણ ? હું તો અસહાય પંદરમી ઓગસ્ટ છું. આજના દિવસે સવારના સમયે ટ્રાફિક સિગ્નલ પર પાંચ પાંચ રૂપિયામાં પ્લાસ્ટીકના તિરંગા વેચતા ભૂલકાઓને જોઇને હું રડી પડું છું. આ બાળકો તિરંગો નહિ એનું બાળપણ વેચે છે એ કેમ કોઈને દેખાતું નથી.? હે ભારતવાસીઓ મારી તમને અંતિમ પ્રાર્થના છે કે, મેં ભલે તમને આઝાદી આપી હોય , પણ આજના દિવસમાંથી મને મુક્તિ આપો. મારી ઉજવણી કરવાનું બધ કરો. કારણ કે, તમારી અલ્પ સંખ્યાની હાજરી મારા શરીર પર ઉઝરડા કરી જાય છે. તમારી બેફિકરાઈથી હું રોજરોજ મરું છું. મારું રાજીનામું સ્વીકારી લેશો તો પણ હું દસ માર્કસના નિબંધ તરીકે તો જીવવાની છું. પ્લીઝ મને મુક્તિ આપો, હું તરફડું છું.